# ચાહે તો ફરિયાદ કરી દે, એ બ્હાને સંવાદ કરી દે!

ઉદવાડા ગામ એટલે રળિયામણું નાનકડું ગામ. વસ્તી લગભગ પારસીઓની એટલે ગામમાં શાંતિ પણ ગજબની. વાપી તરફથી ગામમાં આવો તો ગામમાં આવતા પહેલાં ડાબી તરફ પારસી કોલોની આવે. અરદેસર દાદાનો બંગલો પણ આ પારસી કોલોનીમાં. જો કે એમની ટુ વ્હીલરના સ્પેરપાર્ટસની દુકાન હતી ઉમરસાડીમાં. ઉમરસાડી આઠેક કિલોમીટર દૂર થાય એમના બંગલાથી, પણ એમનું જૂનું સ્કૂટર એમને દુકાને ઝડપથી પહોંચાડી દેતું. અરદેસરદાદાનો બંગલો મોટો હતો. આગળ ફળિયું અને પાછળ ઘણી બધી જગ્યા, જેમાં એમણે ચીકુનાં ઝાડ વાવેલાં. સાંજના દુકાનેથી આવીને એ ચીકુડીના ઝાડ પાસે ખુરશી નાખીને, સ્હેજ જ દૂર આવેલા દરિયા પરથી આવતી ઠંડી હવા, એમનાં પત્ની જમવા ન બોલાવે ત્યાં સુધી માણતા રહેતા.

એમનો દીકરો નૌશિર પણ એમની પાછળ પાછળ દુકાન વધાવીને ઘેર આવી જતો. જ્યાં એ ખુરશી નાખીને બેસતા, એની સહેજ ડાબી બાજુ વોચમેન કમ ઘરનોકર મેઘાની ઓરડી હતી. મેઘો, એની પત્ની ને એક વરસનો નાનો દીકરો કાળુ આરામથી રહી શકે એવડી ઓરડી હતી. અરદેસરદાદાના ઘરમાં એ પોતે, એમની પત્ની અને એમનો જુવાન દીકરો નૌશીર રહેતાં હતાં છતાંય ઘર જાણે ખાલી ખાલી લાગતું એટલું મોટું ઘર હતું. ''સાંભળ્યું,'' એક સાંજે અરદેસરદાદાની પત્ની બોલી, “નૌશિર હવે મોટો થયો છે, એના લગન કરી નાખવા જોઈએ.” ''લે, મેં ક્યાં ના પાડી છે?'' અરદેસરદાદા હસ્યા, “છે કોઈ ધ્યાનમાં?” ''હા,'' એમની પત્નીના મુખકમળમાંથી હાસ્ય પ્રગટ્યું, “તમે રોજ ઉમરસાડી જાવ છો પણ તમારું તો ક્યાંથી ધ્યાન હોય? ત્યાં ફરામજીબાવાની દીકરી પરીન છે. બહુ સરસ છોકરી છે. તમે કાલે વાત કરી જોજો, એ લોકો હા પાડી જ દેશે.” ''હું કાલે જ ત્યાં જઈ આવીશ,'' અરદેસરદાદા બોલ્યા, “નૌશિર દુકાને બેસે જ છે એટલે દુકાનની ચિંતા નથી અને એમને નૌશિરને જોવો હોય તો એમના ઘરથી દુકાન ક્યાં દૂર છે?” “બસ ત્યારે,” પત્ની બોલ્યા, “કાલે જ વાત કરો ને નક્કી કરી જ નાખો. છોકરી મેં તો જોએલી છે ને નૌશિરને જોવી હોય તો બતાવી દેજો. એ બધું તમે કરજો હવે.”

“હા રે,” અરદેસરદાદા ફરી હસ્યા, “હું જ કરીશ બધું.'' બીજા દિવસે અરદેસરદાદા દુકાનેથી સીધા ગયા ફરામજીબાવાના ઘેર. વાતચીત પતી, ચા-પાણી પત્યા પછી અરદેસરદાદાએ મુદ્દાની વાત કરી અને એમના આશ્ચર્ય વચ્ચે ફરામજીબાવા તરત જ તૈયાર થઈ ગયા! એમણે નૌશિરને જોયો હતો, નૌશિર એમને ગમ્યો પણ હતો. એમની દીકરી પરીને પણ નૌશિરને જોયો હતો ને નૌશિરે પણ પરીનને જોઈ હતી એટલે એકબીજાને જોવાવાળો ભાગ વચ્ચેથી નીકળી ગયો! સગપણનું નક્કી થઈ ગયું. સાંજના જૂનું સ્કૂટર જેટલી સ્પીડમાં ભાગે એટલી સ્પીડમાં ભગાડીને અરદેસરદાદા ઘેર પહોંચ્યા. “તારું કામ થઈ ગયું!'' એમણે પત્નીને પાસે બેસાડીને હરખથી કહ્યું, “નૌશિરનું નક્કી થઈ ગયું! એણે છોકરીને જોએલી છે, છોકરીએ પણ નૌશિરને જોએલો છે. હવે આવતા અઠવાડિયે સગપણનું ગોઠવી દઈએ.''

નૌશિર ઘેર આવ્યો ને વાત સાંભળીને એણે પણ હા પાડી એટલે આવતા રવિવારે સગપણ કરીશું એવું અરદેસરદાદાએ ફરામજીબાવાને ફોન કરીને કહી પણ દીધું. બીજા દિવસે સવારના મેઘો અરદેસરદાદા પાસે આવ્યો. “દાદા,” એણે આવીને કહ્યું, “મારી વહુને તેડવા જવું છે, મને થોડા રૂપિયા આપો અને બે દિવસની રજા આપો તો સારું.” અરદેસરદાદાએ એની બન્ને વાત સ્વીકારી લીધી. હજાર રૂપિયા પણ આપ્યા અને બે દિવસની રજા પણ આપી. મેઘો પહેલી જ વાર એની પત્નીને લાવતો હતો એટલે સંભાળીને આવવાની ભલામણ પણ અરદેસરદાદાએ એને કરી. ત્રીજા દિવસે મેઘો સાંજના એની પત્નીને લઈને બંગલા પર આવ્યો. અરદેસરદાદાએ એની પત્નીના હાથમાં હજાર રૂપિયા આપ્યા ને માથે હાથ મૂકીને આશીર્વાદ પણ આપ્યા. “કેવી રૂપાળી ને સરસ વહુ છે મેઘાની!” જમતી વખતે અરદેસરદાદાની પત્નીએ કહ્યું, “ મૂઈને કોઈની નજર ના લાગી જાય.” “કોઈની નજર નહીં લાગે,” અરદેસરદાદા બોલ્યા, “તું ચિંતા કર્યા વિના જમી લે.” થોડી વાર તો નૌશિર અરદેસરદાદા સામે જોઈ રહ્યો કે આ કોની વાત કરે છે. પછી એને સમજાયું કે આ તો મેઘાની પત્નીની વાત ચાલે છે. બીજા દિવસે સવારના પોતાનું નવું સ્કૂટર લઈને એ ઉમરસાડીની દુકાને જવા નીકળ્યો. એ વખતે એણે મેઘાની પત્નીને ઓરડીનાં બારણાંમાં ઊભેલી જોઈ. થોડી વાર તો એ જોઈ જ રહ્યો - આવું અનુપમ સૌંદર્ય એણે પહેલી વાર જોયું. “તમે મેઘાનાં પત્ની છો?'' એણે પૂછ્યું અને શરમાઈને ડોક નીચી કરીને એણે હા કહી. ''બહુ સરસ,'' નૌશિર બોલ્યો, “હવે મેઘાનું અને ઘરનાં સૌનું ધ્યાન રાખજો.'' આટલું કહીને એ સ્કૂટર લઈને દુકાને જવા નીકળી ગયો. જો કે રસ્તા પર એને તો મેઘાની પત્નીનો સોહામણો ચહેરો જ દેખાતો હતો! રવિવારે તો નૌશિરનું સગપણ પણ થઈ ગયું ને આવતા મહિને એના લગ્ન કરવાનું પણ ગોઠવાઈ ગયું. એ આખો મહિનો લગ્નની ધમાલ



ચાલી અરદેસરદાદાના બંગલામાં. બંગલાને કલર થઈ ગયો, નૌશિરનો બેડરૂમ સજાવાઈ ગયો. નવી લાઈટો આવી ગઈ, એ.સી. ફીટ થઈ ગયાં - જાણે લગ્ન નહીં પણ દિવાળી આવી હોય એવું પારસી કોલોનીના રહેવાસીઓને લાગ્યું.

ઘરના કામકાજ માટે મેઘાની પત્ની પણ બંગલામાં જ જતી-આવતી રહેતી. નૌશિર સાથે એની મુલાકાતો પણ વધી.

**નૌશિર ભાન ભૂલી ગયો. એણે મેઘાની વહુને બાથ ભરી લીધી. મેઘાની વહુ પણ કશું બોલી નહીં એટલે નૌશિર આગળ વધ્યો. એણે મેઘાની વહુને પલંગ પર સુવાડી દીધી અને ન બનવાનું બની ગયું!**

લગ્ન પણ પતી ગયા ને પરીન ઉમરસાડીથી ઉદવાડા આવી ગઈ. નૌશિરનો બેડરૂમ ઉપરના માળે હતો. બારીમાંથી લીલાંછમ વૃક્ષો દેખાતાં. દૂર દરિયો પણ ઘુઘવતો દેખાતો, ચીકુની વાડીઓ દેખાતી. પરીનને તો આ બંગલો ખૂબ ગમ્યો.

લગ્ન પત્યાને લગભગ એક મહિનો થયો. પરીન બે-ત્રણ વખત પિયર પણ જઈ આવી. “ પરીન,” એક રાત્રે નૌશિરે પૂછ્યું, “તને ઉદવાડા ગમે તો છે ને?” “કેવી વાત કરો છો તમે?” પરીન હસી, “અહીં કોને ન ગમે? કેટલો સરસ બંગલો છે, ને કેવું સરસ ગામ છે.” ''કાલે આપણે અગિયારી જઈશું,” નૌશિર બોલ્યો, ''કાલે રવિવાર છે ને દુકાને જવાનું નથી તો અગિયારી જઈને પછી ક્યાંક ન્હા-નાસ્તો કરીને બીચ પર જઈને બેસીશું. જઈશું ને?'' “ચોક્કસ,” પરીન બોલી, “હું વહેલા તૈયાર થઈ જઈશ.” બીજે દિવસે સવારના નૌશિરે સ્કૂટર સ્ટાર્ટ કર્યું, એ વખતે મેઘાની વહુ ઓરડીનાં બારણાંમાં જ ઊભી હતી. “ભાભી તો સરસ લઈ આવ્યાં છો તમે સાહેબ,” મેઘાની વહુ બોલી, “ફરવા જાવ છો?” ''હા,'' નૌશિર બોલ્યો, “ભાભી તો સરસ છે પણ તારા જેવી નહીં, તું પણ મેઘાને કહે, તને ફરવા લઈ જાય.” “એ તો મૂઓ આખો દિવસ કામમાં હોય છે,'' મેઘાની વહુ બોલી, “મને ક્યાંથી લઈ જાય?'' નૌશિર મેઘાની વહુ સામે તાકી રહ્યો. પાતળી સુડોળ કાયા, ગોરો વાન, નજર લાગી જાય એવો સુંદર ચહેરો ને લહેરાતા વાળ - થોડી વાર તો નૌશિર એને જોતો જ રહ્યો.

“શું જોયા કરો છો સાહેબ?'' મેઘાની વહુ બોલી, “ભાભી સુંદર છે તો તમેય કૈં ઓછા સુંદર નથી.''

એટલી વારમાં તો પરીન આવીને પાછલી સીટ પર ગોઠવાઈ ગઈ એટલે નૌશિરે સ્કૂટર ભગાડ્યું. પારસી અગિયારીમાં દર્શન કરીને, યાત્રીનિવાસની બાજુમાં થઈને બન્ને ચોપાટી તરફ ગયાં. રસ્તામાં કાફે ફરોહરમાં એમણે ન્હા-નાસ્તો પતાવ્યો, પછી બીચ પર જઈને આરામથી બીચની રેતીમાં બેઠાં.

“પરીન,” નૌશિર બોલ્યો, “તું આવી ગઈ મારા જીવનમાં એ ખરેખર સારું થયું.” ''લ્યો,'' એમાં કઈ મોટી વાત હતી?'' પરીન રેતીમાં આંગળીથી કશુંક લખતાં બોલી,“ લગ્ન થાય એટલે આવવું તો પડે જ ને?''

“ હા,” નૌશિર બોલ્યો, “પણ તારી સાથે મારા લગ્ન થયા એ મારા માટે મોટી વાત છે. તારા જેવી સંસ્કારી અને નમણી છોકરી મને બીજે ક્યાં મળવાની હતી ? હું તો તને તું દુકાને ક્યારેક સ્કૂટરનો કોઈ પાર્ટ લેવા આવતી ત્યારે જોતો હતો ને વિચારતો હતો કે, આ છોકરી મારાં ઘરમાં આવે તો સારું અને, ખરેખર મારી માંગણી ફળી ને તું આવી ગઈ. તને અહીં ગમે કે શહેરમાં ગમે?''

''મને તો તમે જ્યાં હો, ત્યાં ગમે.'' પરીને કહ્યું. એ પછી થોડી આડીઅવળી વાતો કરીને બન્ને ઘર તરફ વળ્યાં. એક વરસ તો પસાર પણ થઈ ગયું. મેઘાની પત્નીએ સરસ દીકરાને જન્મ આપ્યો. અરદેસરદાદાએ એનું નામ રાખ્યું - કાળુ ''પપ્પા,” નૌશિર બોલ્યો, “આ છોકરો આટલો ધોળો છે ને તમે એનું નામ કાળુ રાખ્યું?'' ''એટલે જ કાળુ નામ રાખ્યું,” અરદેસરદાદા બોલ્યા, “કોઈની નજર ન લાગે!'' એ દિવસે અરદેસરદાદાએ એક મહિનાનો પગાર બોનસ તરીકે મેઘાને આપ્યો. થોડા દિવસ પછી પરીન થોડા દિવસ રહેવા માટે પિયર ગઈ. એ પિયર ગઈ એ જ રાત્રે મેઘાની વહુ નૌશિરનાં બેડરૂમમાં પાણીનો જગ મૂકવા ને પલંગ વ્યવસ્થિત ગોઠવવા આવી. નૌશિર પલંગ પર બેઠો બેઠો કશુંક વાંચતો હતો. મેઘાની વહુને જોઈને એ સ્તબ્ધ થઈ ગયો. રૂમમાં જાણે અજવાળું અજવાળું થઈ ગયું! “તું રહેવા દે,” નૌશિર બોલ્યો, “પલંગ તો હું ગોઠવી દઈશ. આમ પણ પરીન ક્યાં છે કે મારે પલંગ ગોઠવવો પડે?” મેઘાની વહુ એની સામે જોઈ રહી. નૌશિર ભાન ભૂલી ગયો. એણે મેઘાની વહુને બાથ ભરી લીધી. મેઘાની વહુ પણ કશું બોલી નહીં એટલે નૌશિર આગળ વધ્યો. એણે મેઘાની વહુને પલંગ પર સુવાડી દીધી અને ન બનવાનું બની ગયું! મેઘાની વહુની આંખમાં આંસુ આવી ગયાં. એ ઝડપથી નીચે ઊતરી. એ વખતે અરદેસરદાદા નીચે જ સીડી પાસેની ખુરશી પર બેઠા હતા, એમણે મેઘાની વહુને રડતી રડતી સીડી ઊતરતી જોઈ પણ એ કશું બોલ્યા નહીં. મનમાં મેઘાની વહુનાં આંસુનો તાગ કાઢતા રહ્યા. બીજા દિવસે સવારના ઉદવાડામાં કકળાટ થઈ ગયો - મેઘાની વહુની લાશ તણાઈને દરિયાકિનારે પડી હતી! એ સાંજે અરદેસરદાદાએ નૌશિરને એક બાજુ બોલાવ્યો. “નૌશિર,” એ બોલ્યા, “ દીકરા, મેઘાની વહુ કાલે રાત્રે સીડી પરથી રડતી રડતી નીચે ઊતરી ત્યારે જ મને લાગ્યું હતું કે, તે પરાક્રમ કર્યું છે. આજે, એના મૃત્યુએ એ સાબિત કરી દીધું.” “ પણ પપ્પા...” નૌશિર બોલ્યો, એમાં મારો......” “ તારો જ વાંક છે દીકરા,” અરદેસરદાદા બોલ્યા, “અને એની સજા પણ તારે જ ભોગવવી પડશે. આજે ને આજે તું અને

તારી વહુ મુંબઈ જતાં રહો. ત્યાં કૈંક ધંધો કરો પણ મારી આંખ સામે નહીં. મને હવે તારું મોં પણ જોવું ગમતું નથી. જા, તારી વહુને લઈને બારોબાર ઉમરસાડીથી જ નીકળી જજે. પૈસા લઈ જા અહીંથી ને મને કાગળ ન લખતો કે અહીં આવતો પણ નહીં.” કશું બોલ્યા વિના નૌશિર ઘરમાંથી એની બેગ પેક કરીને નીકળી ગયો. ઉમરસાડીથી પરીનને લઈને એ સીધો મુંબઈભેગો થઈ ગયો.

મુંબઈમાં એણે એક ફ્લેટ ભાડે રાખ્યો, પરામાં એક દુકાન ભાડે રાખી અને ટુ વ્હીલરના સ્પેરપાર્ટ વેચવાનો ધંધો ચાલુ કર્યો. સમય પસાર થતો ગયો. મુંબઈ ગયાના બીજા વરસે પરીને એક દીકરાને જન્મ આપ્યો. નામ રાખ્યું - રુસ્તમ. જો કે નૌશિરે ઉદવાડા વાત ન કરી. સમય તો સરતો ગયો ઉમરસાડીની પાર નદીના નીરની જેમ અને રુસ્તમ પણ મોટો થઈ ગયો. એના લગ્ન પણ થઈ ગયા. લગ્નના બીજા વરસે રુસ્તમની વહુ ગુલે દીકરીને જન્મ આપ્યો. એ વખતે ગુલે સુખરૂપ દીકરી જન્મે એ માટે ઉદવાડાની અગિયારીના દર્શનની બાધા રાખેલી. જો કે પાંચ વરસ સુધી તો એ જઈ ન શક્યો પણ પાંચમા વરસે નૌશિરની રજા લઈને એ, ગુલ અને એમની દીકરી મુંબઈથી ઉદવાડા જવા નીકળ્યાં. ઉદવાડામાં તો નૌશિરના ગયા પછી એની માતાનું અવસાન થયું ને અરદેસરદાદા ભાંગી પડ્યા. એમણે પારસી અગિયારી અને યાત્રીનિવાસનો વહીવટ કરનારી કમિટીના સભ્ય તરીકે રાજીનામું આપી દીધું, થોડાં વરસ પછી કાળુ મોટો થયો ને મેઘો અવસાન પામ્યો. અરદેસરદાદાએ ઉમરસાડીની દુકાન બંધ કરી અને ઘરમાં જ રહેવા લાગ્યા. એ પણ થોડા સમય પછી અવસાન પામ્યા. એ વખતે નૌશિરને સમાચાર મોકલ્યા પણ એ ન આવ્યો. હવે બંગલો ખાલી હતો. કાળુ અને એની વહુ ચોકીદારી કરતા, બંગલાની સાફસફાઈ કરતા. આજે રુસ્તમનું કુટુંબ આવવાનું હતું એટલે કાળુની વહુએ આખો બંગલો ચોખ્ખોચણાક કરી નાખ્યો. રુસ્તમ વાપી સ્ટેશને ઊતરીને ટેક્સી કરીને ઉદવાડા આવવા નીકળ્યો. એ પહેલી જ વાર ઉદવાડા આવતો હતો. એની દીકરીને બધું નવું નવું લાગતું હતું. કોલક નદીનો પુલ પસાર કરીને ટેક્સી એમના બંગલા પાસે ઊભી રહી.

સામાન લઈને કાળુએ એમના રૂમમાં મૂક્યો, એ વખતે હજી સવારનો સમય હતો. અગિયારીમાં પૂજાવિધિ અને આતશ બહેરામના દર્શન કરવા એ જ ટેક્સીમાં નીકળવા એ નીચે ઊતર્યો. ગુલ ને એની દીકરી નીચે આવે એની રાહ જોઈને એ બંગલાના એક ખૂણે ઊભો હતો, ત્યાં જ કાળુની રૂમનાં બારણાંમાંથી એક અત્યંત સ્વરૂપવાન યુવતીએ એની સામે નજર નોંધી. ''બપોરે જમવામાં શું બનાવું સાહેબ?'' એની દંતકળીમાંથી શબ્દપુષ્પ ઝર્યાં. રુસ્તમ એની સામે જોઈ જ રહ્યો. નખશિખ અતિ સુંદર, ગોરો વાન, સપ્રમાણ શરીર ને મોહક સ્મિત, ને અવાજ પણ એવો જ કર્ણપ્રિય! “ તું જે બનાવીશ એ જ અમે જમીશું.''

''સારું સાહેબ,'' કહીને એ અંદર ગઈ.

બરાબર એ જ વખતે બાજુની ઝાડીમાંથી એક સોહામણી સ્ત્રી બહાર આવી અને રુસ્તમ પાસે ઊભી રહી.

''રુસ્તમ,” આગંતુક યુવતી બોલી, “ એ કાળુની વહુ છે. ધ્યાન રાખજે, તારા બાપે જે મારી સાથે કર્યું એ તું એની સાથે ન કરતો. વધુ વિગત તારા પપ્પા તને કહેશે, જા હવે.''

રુસ્તમને સમજાયું નહીં કે, વાત શું હતી. પપ્પાને ફરિયાદ કરવી કે એની સાથે વાત કરવી એ જ એને સમજાતું નહોતું. આટલું કહીને એ ઝાડીમાં ચાલી ગઈ અને ગુલ અને દીકરી આવી ગયાં એટલે વિચારના ચક્રમાં ફસાએલો રુસ્તમ ટેક્સીમાં ગોઠવાયો! (શીર્ષકપંક્તિ: શર્મિષ્ઠા કોન્ટ્રાક્ટર)

સ્પંદન

નિરંજન યાજ્ઞિક